ગાંધીનગર શહેરની જમીનના ... સુધારવા બાબત.

---

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાંકઃ એલએનડી/૧૦૮૮/વિકાસદર/(૨૫૬)પાર્ટ–આર.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ– ૩/૪/૨૦૦૬

વંચાણમાં લીધાઃ–

૧. સરકારશ્રીના મા.મ.વિભાગના તા.૨૯/૬/૮૮ નો ઠરાવ ક્રમાંકઃએલએનડી/૨૦૭૯/૫૯૦,ભાગ–૩ આર.

૨. સરકારશ્રીના મા.મ.વિ.ના તા.૧/૧૨/૯૩, તા.૧૬/૭/૯૭ અને તા.૭/૧૧/૨૦૦૦ ના સરખા ક્રમાંકના ઠરાવો.

૩. સરકારશ્રીના મા.મ.વિભાગ તા.૨૬/૮/૦૩ નો સરખા ક્રમાંક નો ઠરાવ.

વંચાણમાં લીધા ક્રમાંક (૧) ના ઠરાવથી ગાંધીનગર શહેરની જમીન ફાળવણીની સર્વગ્રાહી નીતિ નક્કી કરવામાં આવેલ છે. આ ઠરાવના ફકરા નં.૩.૭(૬) માં જમીનના પ્રવર્તમાન વિકાસ દરમાં સરકારશ્રીની મંજુરી લઈને ફેરફાર કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. તે મુજબ વંચાણમાં લીધા ક્રમાંક (૩) ના ઠરાવ થી વિકાસ દર ત્રણ વર્ષના જે તે સમયગાળા માટે સુધારવામાં આવેલ છે. આથી તા.૧/૧૨/૨૦૦૫ના રોજથી નવો વિકાસ દર નક્કી કરવાની બાબત કેટલાક સમયથી સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ–

સરકારશ્રીએ પુખ્ત વિચારણાના અંતે તા.૧/૧૨/૦૨ થી ૩૦/૧૧/૨૦૦૫ સુધીના સમયગાળા માટેના રૂ.૯૦૦/– (અંકે રૂપિયા નવસો પુરા) ના વિકાસ દરમાં સુધારો કરીને ગાંધીનગર શહેરની સઘળા પ્રકારની જમીનનો વિકાસ દર હવે પ્રતિ ચો.મી. ના રૂ.૧૧૦૦/– (અંકે રૂપિયા અગિયારસો પુરા) નીચેની શરતોને આધીન રહીને નક્કી કરવા નિર્ણય કરેલ છે.

૧. આ સુધારેલ વિકાસ દર તા.૧/૧૨/૨૦૦૫ ના રોજ થી અમલમાં આવશે અને તા.૩૦/૧૧/૨૦૦૮ સુધી અમલમાં રહેશે.

૨. દર ત્રણ વર્ષે નવો વિકાસ દર નક્કી કરવાનો રહેશે તેમજ મા.મ.વિભાગનો તા.૨૯/૬/૮૮ નો ઠરાવઃએલએનડી/૧૦૭૯/૫૯૦/ભાગ–૩/આર,તેટલા અંશે સુધારેલ ગણવાનો રહેશે.

૨/– આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) ની તા. ૨૪/૨/૦૬ ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(મહેશ સોની)
ઉપ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

प्रति,

| | | |
|---|---|---|
| × | ૧. | રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર. |
| | ૨. | માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર. |
| × | ૩. | સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ સચિવાલય,ગાંધીનગર |
| × | ૪. | સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર. |
| × | ૫. | સચિવશ્રી તકેદારી આયોગ ગાંધનીગર. |
| × | ૬. | સચિવશ્રી ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીગનર. |
| × | ૭ | સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ લાલ દરવાજા, અમદાવાદ |
| × | ૮ | રજીસ્ટ્રારશ્રી ગુજરાત હાઈકોર્ટ,અમદાવાદ. |
| | ૯ | સચિવાલયના સર્વ વિભાગો.સચિવાલય,ગાંધીનગર. |
| | ૧૦ | માર્ગ અને મકાન વિભાગની સઘળી શાખાઓ સચિવાલય,ગાંધીનગર. |
| | ૧૧ | સર્વે ખાતાના વડાઓની કચેરીઓ |
| | ૧૨. | કલેકટરશ્રી ગાંધીનગર બહુમાળી મકાન(એમ.એસ.બિલ્ડીગ) સેકટર–૧૧,ગાંધીનગર. |
| | ૧૩. | મુખ્ય સ્થપતિ અને નગર નિયોજક શ્રી નિર્માણ ભવન સે.૧૦ ગાંધીનગર. |
| | ૧૪. | અધિક્ષક ઈજનેરશ્રી,પાટનગર યોજના વર્તુળ,ગાંધીનગર. |
| | ૧૫. | અધિક્ષક ઈજનેરશ્રી વિધુત (મા.મ) વર્તુળ,ગાંધીનગર. |
| | ૧૬. | કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના વિભાગ નં.૧,૩ અને ૪ પાટનગર યોજના ભવન સે.૧૬ ગાંધીનગર. |
| | ૧૭. | કાર્યપાલક ઈજનેરશ્રી પાટનગર યોજના વિભાગ નં.૨ સચિવાલય , બ્લોક નં.૯ સામે ગાંધીનગર. |
| | ૧૮. | સિલેકટ ફાઈલ–૨૦૦૬ |